## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



સર, અમેરિકામાં બાઈડનની જગ્યાએ ભાઈડન હોત તો... આ યુદ્ધ 'ડન' થઈ ગયું હોત....

# બોરીજ પરિણિતાની હત્યા જેઠ ફુલાજીએ કરી હોવાનો ઘટસ્ફોટ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સર્કીટ હાઉસ પાછળ બોરીજના પરામાં પરિણિતાની ગળુ દબાવી હત્યા થઈ હતી. ત્યારે પરિણિતાની હત્યા તેના જેઠ ફુલાજી ઠાકોરે કરી હોવાનો પોલીસ દ્વારા ઘટસ્ફોટ કરાયો છે. સેકટર-૨૧ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી દીધો છે. ત્યારે રાત્રીના સમયે નિકીતાના રૂમમાંથી ભાગીને જઈ રહેલા રાજુ ઠાકોરને જેઠ ફુલાજીએ પકડી પાડીને લાફા માર્યા હતા.તે સમયે ફુલાજીના હાથમાંથી રાજુ નાસી ગયો હતો. ત્યારબાદ ફુલાજી ઘરમાં જઈને નાના ભાઈની પત્નીનું ગળુ દબાવી હત્યા કરી દીધી હતી. જયારે પરિવારે રાજુ ઠાકોરે મોતને ઘાટ ઉતારી હોવાની ખોટી થિયરી બનાવી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સર્કિટ હાઉસ પાછળ આવેલા બોરીજના પરામાં ગત તા.૨૬ માર્ચના રોજ ગામમાં લગ્ન પ્રસંગ હોવાથી રાહુલ વિરમજી ઠાકોર, તેનો ભાઈ ફુલાજી વિરમજી ઠાકોર, સાસુ ભીખીબેન તેમજ જેઠાણી ગીતાબેન રસોડામાં ગયા હતા. ત્યારે રાહુલ અને ફુલાજી ઠાકોરનું પાંચ રૂમનું મકાન છે. જયારે રાત્રીના સમયે નિકીતા ઠાકોર પોતાના રૂમમાં એકલી હતી. ત્યારે રાત્રે આવીને તેના સાસુ બહારની બાજુએ ખાટલામાં સુઈ ગયા હતા. તે સમયે રાજુ ઠાકોર ઘરમાં ઘુસી ગયો હતો. ત્યારબાદ રાત્રીના સમયે પરિવાર ઘરે આવીને સુઈ ગયો હતો.જયારે રાત્રીના સમયે નિકીતના રૂમમાં કોઈ હોવાનું શંકા જતા તેમણે દરવાજો ખખડાવ્યો હતો. પરંતુ દરવાજો નિકીતાએ ખોલ્યો ન હતો. ત્યારબાદ ભીખીબેને મોટા દિકરા ફુલાજીને જગાડ્યા હતા અને વાત કરી હતી. તે સમયે રાજુ દરવાજો ખોલી ભાગવા જતા ફુલાજીએ પકડી પાડી ત્રણ ચાર લાફા માર્યા હતા. પરંતુ રાજુ છટકીને ભાગી ગયો હતો. ત્યારબાદ નિકીતાને પરિવારના સભ્યો બોલવા લાગ્યા હતા. જયારે જેઠ ફુલાજીએ નિકીતાનું ગળુ દબાવી મારઝુડ કરી હત્યા કરી દીધી હતી. જયારે બનાવને પગલે ઘટના સ્થળે પહોંચેલી પોલીસને પરિવારના સભ્યોએ ગેરમાર્ગે દોરી યુવક રાજુ ઠાકોરે ગળુ દબાવી હત્યા કરી હોવાની થિયરી જણાવી હતી. જયારે બનાવને પગલે નિકીતના પિયરપક્ષમાંથી સગાઓ દોડી આવતા નિકીતાના ભાઈને જીજાજી રાહુલ ઠાકોરે પણ રાજુએ હત્યા કહી હોવાનું કહાની કહી હતી. જયારે મૃતકના ભાઈ કિશન ઠાકોરે શંકા રાખી રાજુ ઠાકોર, પતિ રાહુલ ઠાકોર, જેઠ ફુલાજી અને જેઠાણી ગીતા અને સાસુ ભીખીબેન સામે ફરીયાદ નોંધાઈ હતી. જેથી પોલીસે ફુલાજીની પુછપરછ કરતા તેણે જ હત્યા કરી હોવાની કબુલાત કરી હતી. જેથી પોલીસે ફુલાજીની ધરપકડ કરી આગળની કાનુની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.

● ગાંધીનગર મહાનગર પાલિકાના આરોગ્યતંત્રએ પણ હીટવેવને પગલે લોકોને કાળજી લેવા જણાવ્યુ છે અને બપોરના સમયે અનિવાર્ય ના હોય તો ન નીકળવા અપીલ કરી છે.

● પૂર્વ કર્મચારી અગ્રણી શાંતિલાલ બી. ચૌહાણનું આજરોજ દુઃખદ અવસાન થયુ છે.

● દિવ્ય ભાસ્કરના પત્રકાર દિલીપભાઈ પ્રજાપતિના નાનાભાઈ ભાવેશ પ્રજાપતિનું આજે દુઃખદ અવસાન થયુ છે.

● ૧૪મી એપ્રિલ પછી જિલ્લામાં લગ્નસરાની મોસમ પુનઃ ખીલશે. આ અંગેની તૈયારીઓમાં નગરજનો વધુ વ્યસ્ત બન્યા છે.

● બે દિવસના વેકેશન બાદ રાજ્ય વિધાનસભાનું સત્ર પુનઃ આજે મળશે. સત્ર હવે તેના અંતિમ ચરણમાં છે.

● કેન્દ્રીય ગૃહમંત્રીએ શહેર-જિલ્લા ભાજપના આગેવાનો સાથે મહત્વની બેઠક કરી રાજકીય સ્થિતિની જાણકારી મેળવી હતી.

● સે. ૨૩ જે.બી. પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ધો. ૫ થી ૮ ના ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો.

● મોબાઈલમાં વાગતી કોરોનાની રિંગટોન વાગવાની હવે બંધ થશે આ માટે સરકારના આરોગ્ય મંત્રાલયે દૂરસંચાર નિગમને મંજૂરી આપી દીધી છે.

● આ વખતે ૧૨ મહિનાના ભરવાના મસાલા હળદળ, મરચુ, ધાણા-જીરૂ, જીરૂમાં પણ ભાવ વધારો થતાં મધ્યમવર્ગની મુસ્કેલી વધી છે.

## ચન્દ્રાલા ખાતે આઝાદીનો અમૃત મહોત્સવ અંતર્ગત લોકડાયરાનું આયોજન




ગાંધીનગર, તા.૨૭

ચન્દ્રાલા(સોરાબપૂરા) ગામે, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર તથા આર બી મ્યુઝીકલ ગ્રુપ ગાંધીનગરનાં સંયુક્ત ઉપક્રમે અઝાદીનાં અમ્રુત મહોત્સવની ઉજવણી નિમિત્તે, તા.૨૬.૦૩.૨૦૨૨ ના રોજ સાંજે ૮.૦૦ કલાકે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમનાં અતિથિ વિશેષ મુખ્ય મહેમાન શ્રી કીર્તીભાઈ ઠાકોર તથા આર બી મ્યુઝીકલ ગ્રુપનાં સંસ્થાપક શ્રીમતિ આવનિ આર ભટ્ટ તેમજ ગ્રામ્યજનોનાં હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરુઆત કરવામાં આવી હતી, જેમાં ગ્રામજનો અને નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ડાયરાનાં કાર્યક્રમનાં વિવિધ કલાકારોની ગીત સંગીતની રજુઆતોનો આનંદ માણ્યો હતો.



માં-મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદ નો ગરબો યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા

# લકઝરી બસમાં હથીયાર ભરેલો થેલો મુકી નાસી જનાર આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૭

ચિલોડા ચંદ્રાલા નાકા પોઈન્ટ પર પોલીસને વાહન ચેકીંગ દરમિયાન આજથી વીસ દિવસ પહેલા લકઝરી બસમાંથી બિનવારસી હથીયાર ભરેલો થેલો મળી આવ્યો હતો. ત્યારે લકઝરી બસમાં થેલો મુકીને ભાગી જનાર આરોપીને એલસીબીની ટીમે નાના ચિલોડા થી મોટા ચિલોડા તરફ જતા એક ગાર્ડન નર્સરી પાસેથી પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ લકઝરી બસમાં હથીયારનો થેલો બિનવારસી મુકી ભાગી જનાર શખ્સ સામે ચિલોડા પોલીસ મથકે આર્મસ એકટ હેઠળ ગુનો નોંધાતા જરુરી માહિતી મેળવી શખ્સને તાત્કાલીક શોધી કાઢવા માટે રેન્જ આઈજી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ જરુરી સુચના આપી હતી. જે અન્વયે એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાની ટીમના પીએસઆઈ વી.કે.રાઠોડ અને જવાનો ટેકનીકલ સર્વેલન્સની મદદથી તપાસમાં હતા. તે દરમિયાન સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ મુકેશસિંહ દલપતસિંહ તેમજ રાજવીરસિંહ અત્તરસિંહને ખાનગી રાહે સંયુકત બામતી મળી હતી કે બસમાં હથીયાર ભરેલો થેલો બિનવારસી મુકી નાસી જનાર શખ્સ નાના ચિલોડા થી મોટા ચિલોડા તરફ જતા માર્ગ પર આનંદ નર્સરી પાસે ઉભો છે. જેથી એલસીબી પોલીસે બાતમીવાળી જગ્યા પરથી રામકિશન ઉર્ફે બચ્ચા રામરતન માલી (રહે. ભોલુપુરા, અતેવા તાજી.કરૌલી, પોસ્ટ.કરૌલી થાના.કૈલાદેવી રાજસ્થાન)ને દબોચી લીધો હતો. પોલીસે આરોપીની અંગજડતી લેતા રૂ.૫ હજારનો મોબાઈલ મળી આવ્યો હતો. જયારે પોલીસે તેની પુછપરછ કરતા આજથી વીસેક દિવસ પહેલા તેને તેના ગામમાં રહેતો તેનો મિત્ર અત્તરસિંહ ઉર્ફે અન્ના ભેરૂસિંહ ગુર્જરને મળ્યો હતો. તેને એક થેલામાં બે પીસ્તોલ, બે મેગજીન અને ૫૦ નંગ કારતુસ ગુજરાતના સુરત ખાતે રહેતા તેના મિત્ર પવનસિંહ પરાસરને આપવા માટે જણાવ્યું હતું. જયારે આ કામ માટે રૂ.૫ હજાર આપવાની વાત કરી હતી. જેથી રામકિશન હથીયાર ભરેલો થેલો લઈ જયપુર થી સુરત જતી બસમાં બેસી રવાના થયો હતો. ત્યારે લકઝરી બસ ચંદ્રાલા આગમન હોટલ નજીક બસ ઉભી રહેતા બધા મુસાફરો સાથે તે પણ પેશાબ કરવા માટે નીચે ઉતર્યો હતો. તે સમયે બસ પાસે પોલીસ આવીને સામાન ચેક કરતી હતી, તે વખતે તેનો હથીયાર ભરેલો થેલો પોલીસના હાથે આવી જશે અને પોલીસ તેને પકડી પાડશે તે ડરના કારણે તે બીજીબસમાં બેસી પોતા વતનમાં જતો રહ્યો હતો. પોલીસે હથીયાર કેમ આગળ પહોંચાડવાના હતા તે અંગે પુછપરછ કરતા વોન્ટેડ આરોપી પવનસિંહનો મિત્ર અજય સિંદે પુના ખાતે રહે છે. તેને પુનાની નવનાથ લુંઢા ગેંગ સાથે દુશ્મનાવટ હતી.જેથી એક દિવસ અજય સિંદે તેની પત્નિ સાથે ગાડીમાં જઈ રહ્યો હતો તે સમયે નવનાથ લુંઢા ગેંગ તરફથી પુના ખાતે ફાયરીંગ કરવામાં આવ્યું હતું. જેમાં અજય સિંદે બચી ગયો હતો. પરંતુ તેની પત્નિ મેઘના ધંધુકે ને ગોળી વાગી હતી. જેનો બદલો લેવા માટે અજય સિંધેએ પવનસિંહ સાથે હથીયારોની માંગ કરી હતી.જેથી પવનસિંહે આ હથીયારો મોકલી આપવા અત્તરસિંહને વાત કરી હતી. જયારે પોલીસે રામકિશન માલીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



### વોન્ટેડ આરોપી

- અત્રસિંહ ઉર્ફે અન્ના ભેરૂસિંહ ગુર્જર (રહે.ભોલુપુરા, અતેવા,તા.જી.કરૌલી, પોસ્ટ કરૌલી થાના, કૈલાદેવી રાજસ્થાન)
- પવનસિંહ પરાસર (રહે. સુરત)
- અજય સિંધે (રહે.પુના)

જયારે વોન્ટેડ આરોપી અત્તરસિંહ ગુર્જર પણ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેની વિરુદ્ધ રાજસ્થાનમાં ગેરકાયદેસર હથીયાર, ખુનની કોશીશ, મારામારી, ઘરફોડ, એન.ડી.પી.એસ. સહિતના ગુના નોંધાયા છે. જયારે પકડાયેલ આરોપી રામકિશન માલી પણ ગેરકાયદેસર હથીયાર, બાઈક ચોરી, પશુચોરી, તેમજ લાયસન્સ વિના દારૂ રાખવા સહિતના ગુના નોંધાયેલા છે.

## શહેરના ઘ-૫ સર્કલે કાર ઘુસી ગઈ



ગાંધીનગરર, તા.૨૭

શહેરના ચકાચક માર્ગો પર વાહનચાલકો પુરપાટ ઝડપે વાહન હંકારતા હોય છે. જેથી નગરમાં ગમે ત્યારે અકસ્માત સર્જાતા હોય છે. ત્યારે ગઈકાલે સાંજના સમયે ઘ-૫ સર્કલમાં એક અર્ટીગા કાર ઘુસી ગઈ હતી. આ કારની ગતિને પગલે કાર સર્કલના થાંભલાને અથડાતા નીચે પડી ગયો હતો. જયારે સર્કલની રેલીંગ પણ તુટી ગઈ હતી.

## ગુજરાત યુથ કોંગ્રેસ સંમેલનને પોલીસની મંજુરી ન મળી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે તા.૨૮ માર્ચને સોમવારના રોજ સવારે ગુજરાત યુથ કોંગ્રેસ દ્વારા સ્વાભીમાન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેથી ગુજરાત યુથ કોંગ્રેસ દ્વારા સંમેલનને પગલે પોલીસ તંત્ર પાસે મંજુરી માંગવામાં આવી હતી. પરંતુ પોલીસ તંત્ર દ્વારા યુથ કોંગ્રેસની સ્વાભીમાન રેલીને મંજુરી આપવામાં આવી નથી. જેથી યુથ કોંગ્રેસનું સંમેલન છે તે ગાંધીનગર ખાતે થઈ શકશે નહી, પરંતુ સંમેલન યોજવા માટે કોઈ પ્રયત્ન કરવામાં આવશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ પોલીસ દ્વારા જણાવાયું છે.

## અપર ક્રસ્ટ તથા ફેમિના ક્લબ દ્વારા "પરંપરાગત રેસીપી સ્પર્ધા" યોજાઈ



ગાંધીનગર, તા.૨૮

આજની યુવા પેઢીને જંક ફૂડથી પરંપરાગત ખોરાક તરફ પ્રેરિત કરવા તથા હરહંમેશ સતત નવું કરવા પ્રવૃત રહેતા શહેરના ફેમિના ક્લબના પ્રમુખ કાશ્મીરા શાહે "પરંપરાગત રેસીપી સ્પર્ધા"નું આયોજન કર્યું હતું. આ આયોજન તેમણે અપર ક્રસ્ટ તથા લિથોસ્ફિયરના સહ-માલિક મોનિષા પરીખ ડિસોઝાની સાથે મળીને તારીખ ૨૨-૦૩-૨૦૨૨ના રોજ લિથોસ્ફિયર, અમદાવાદ ખાતે કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, કાશ્મીરા શાહ શહેરની ફેમિના ક્લબના પ્રમુખ છે. આ કાર્યક્રમનો ઉદેશ્ય લોકોમાં પરંપરાગત વાનગીઓ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને આજની યુવા પેઢીને ફાસ્ટ તથા જંક ફૂડમાંથી પરંપરાગત અને તંદુરસ્ત ખોરાક તરફ પ્રેરિત કરવા માટેનો હતો. આપણી વિસરાઈ ગયેલી જૂની પરંપરાગત વાનગીઓને પુનર્જીવિત કરવા અને ભવિષ્યમાં પણ તેને જીવંત રાખવા માટે કશ્મીરાબેન સતત કાર્યશીલ છે. ફેમિના ક્લબ કમીટીના સભ્યો દ્વારા ૨૫થી વધુ પરંપરાગત વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી અને તેનું સુંદર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

## ગાયત્રી પરિવાર દ્વારા ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

સરગાસણ ખાતે ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૩૧ માર્ચથી ૨ એપ્રિલ દરમિયાન યોજાશે. અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા આ મહાયજ્ઞનું આયોજન નિલકંઠ મહાદેવ, હડમતીયા પાસે, શાન્તમ પાર્ટી પ્લોટની બાજુમાં, ખ-૦ રોડ, સરગાસણ ખાતે યોજાશે. યજ્ઞમાં આહુતિ આપવા, દર્શન કરવા તથા દૈવીય અનુદાનો મેળવવા સહપરિવાર પધારવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવ્યું હતું.

## લકઝરી બસમાંથી વિદેશી દારૂની ૪૮ બોટલ અને ૭૨ ટ્રેટા પેક મળ્યા

ગાંધીનગર,તા.૨૭

ચિલોડા-હિંમતનગર હાઈ વે માર્ગ પર નાકા પોઈન્ટ પર વાહનચેકીંગ દરમિયાન પોલીસને લકઝરી બસમાં ઓટો પાર્ટસના બે પાર્સલના ઓથા હેઠળ મોકલેલો રૂ.૫૭,૮૮૮ ની કિંમતનો વિદેશી દારુ પોલીસે પકડી પાડ્યો હતો. પોલીસે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચંદ્રાલા નાકા પોઈન્ટ પર પોલીસ જવાનો વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલી પાશ્વનાથ ટ્રાવેલન્સની બસ નં. આર.જે.૨૭.પી.સી.૨૨૬૬ આવતા પોલીસે ઉભી રખાવી સાઈડમાં કરાવી ડ્રાઈવર-કંડકટરને સાથે રાખી મુસાફરનો સામાન ચેક કર્યો હતો. જયારે બસની ડેકીમાં ચેક કરતા તેમાંથી બે પાર્સલ શંકાસ્પદ મળી આવ્યા હતા. પોલીસને પાર્સલ ચેક કરતા તેમાંથી વિદેશી દારુની ૪૮ બોટલ તેમજ ૭૨ ટ્રેટા પેક મળી આવ્યા હતા. જયારે પોલીસે પાર્સલ વિશે પુછતા આ પાર્સલ શ્રીનાથજી ઓટો પાર્ટસ શિવનગર ખમનોર નાથદ્વારા એ મોકલ્યા છે અને પાર્સલ બાલાજી એન્ટર પ્રાઈઝ કાવેરી ચોક ગોંડલ એ મંગાવેલ હોવાનું જણાવ્યું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



કોરોના મહામારીના કપરાકાળ બાદ ફરી જનજીવન થાળે પડી રહ્યું છે અને તે સાથે ખેલ મહાકુંભ-૨૦૨૨નો પ્રારંભ થઈ ચુક્યો છે. આ વખતે ખેલમહાકુંભમાં રેકોર્ડ બ્રેક રજીસ્ટ્રેશન થયું હોવાનો રાજ્ય સરકાર દાવો કરી રહી છે. આ સાથે તાજેતરમાં યોજાયેલી ખેલમહાકુંભ-૨૦૨૨ની બાસ્કેટ બોલની ગ્રામ્યકક્ષાની સ્પર્ધામાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય એનર્જી યુનિવર્સિટી-પીડીઈયુની એ-ટીમ પ્રથમ ક્રમાંકે જ્યારે તેની જ બી ટીમ દ્વિતિય ક્રમાંકે વિજેતા બની હતી.

## બોરીજ જૈન મંદિરના પ્રાંગણમાં સ્થિત બળિયાદેવના મંદિરના જિર્ણોદ્ધારનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના કેટલાંક ધાર્મિક સ્થાનો ખૂબ મહત્વ ધરાવે છે જે પૈકી બોરીજ ખાતેના જૈન મંદિરનો પણ સમાવેશ થાય છે. આ જૈન મંદિરના નિર્માણ માટે જે તે સમયે બોરીજના ગ્રામજનો દ્વારા જમીન દાનમાં આપવામાં આવી હતી તેવું જણાવતાં વોર્ડ નં. ૪ ના કોર્પોરેટર ભરતભાઈ દિક્ષીતે કહ્યું હતું કે આ જૈન મંદિરના પ્રાંગણમાં વર્ષોથી બળિયાદેવ બાપાની દેરી આવેલી છે જેની સાથે ગ્રામજનોની શ્રદ્ધા જોડાયેલી છે અને ગ્રામજનો દ્વારા આ બળિયાદેવના આ મંદિરનો જિર્ણોદ્ધાર કરવા માંગે છે જે માટે આજે બોરીજના ગ્રામજનોએ વિશાળ સંખ્યામાં એકત્ર થઈને ભૂમિપૂજનનો ઉત્સવ મનાવ્યો હતો અને બળિયાદેવના મંદિરના જિર્ણોદ્ધારનો શુભારંભ કર્યો છે. આ પ્રસંગે ગ્રામજનોએ ધાર્મિક પૂજા પાઠ સાથે શોભાયાત્રા પણ યોજી હતી.

## સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા પંચ પ્રકલ્પ વિષય પર રાસેયોની ગ્રામ શિબિરનો પ્રારંભ

જરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા માનનીય રાજ્યપાલના આહવાન પર પંચ પ્રકલ્પ વિષય પર




રાસેયોની ગ્રામ શિબિરનો પ્રારંભ સાદરા કલ્યાણપુરા અને મોતીપુરામાં પંચ પ્રકલ્પનાં વિષયો પર ત્રણે ગામમાં પ્રવૃત્તિઓ કરવામાં આવશે જેનાં ઉદ્ઘાટન પ્રસંગે અધ્યક્ષ તરીકે ડૉ. રાજેન્દ્ર ખીમાણી, કુલનાયક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, મુખ્ય મહેમાન તરીકે મહેશ મહેતા રાજ્ય એન. એસ. એસ. અધિકારી, ગુજરાત સરકાર, અતિથિ વિશેષનાં રૂપમાં ડૉ. નિખિલભાઈ ભટ્ટ, કા. કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, અતિથિ વિશેષ તરીકે રમેશભાઈ પટેલ, સંયોજક, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરા, મહેશકુમાર રાવલ - સરપંચ, સાદરા ગ્રામ પંચાયત, નીરૂબેન રોહિતભાઈ પટેલ સરપંચ, મોતીપુરા ગ્રામ પંચાયત, તાલુકા ડેલીગેટ નિહલભાઈ પટેલ, તેજસ ભાઈ ઠાકર, આચાર્ય, પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર, સાદરા ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાગત પ્રવચન ડૉ. જગદીશ ચંદ્ર સાવલિયા, ડીન શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરાએ આપ્યું હતું શિબીરનાં હેતુ. અને ઉદ્દેશ્યો વિશેની માહિતી ડૉ. અરુણભાઈ ગાંધી-સંયોજક, રાષ્ટ્રીય સેવા યોજના, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદએ આપી હતી અને શિબિરની રૂપરેખા શિબિરની સંચાલિકા ડૉ. ગીતા બેન પટેલે આપી હતી.

સુતરની આંટીથી સ્વાગત શિબિર મંત્રી એલીસ ક્રિશ્ચિયન, શિબિર સહમંત્રી દીપક યાદવ, શિબિર સહમંત્રી રણવીર સિંહ રહેવર, મિન્હાજ મીર, ઈન્ફાન્સીયો ડિકોસ્ટાએ કર્યું હતું કાર્યક્રમનું સંચાલન રાસેયોનાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ કર્યું હતું જયારે આભાર વિધિ શિબિરનો સહ સંચાલક ડૉ. વિજયભાઈ મકવાણાએ કર્યું હતું.

શિબિરમાં વિવિધ વિષયો પર બિંદુબેન ઝાલા- મહિલા સશક્તિકરણ, તેજસભાઈ ઠાકર - કુરિવાજો નિવારણ, ડૉ. નયનેશભાઈ વસાવા-કોરોના મહામારી અને માનસિક સ્વાસ્થ્ય, ડૉ. મોતીભાઈ દેવું- સ્વતંત્રતા સંગ્રામનાં સ્થાનિક સૈનિકો, ડૉ. સતીશ પટેલ - સાયબર ક્રાઈમ અને મોબાઈલ એડિક્શન, ડૉ. પ્રતિક શિલ્પકાર અને રાજેન્દ્રભાઈ પટેલ - પ્રાકૃતિક ખેતી અને પર્યાવરણ પર વ્યાખ્યાનનો આયોજન કરવામાં આવશે તે સિવાય ડૉ. નયનેશભાઈ વસાવા- બાળકોનાં મેડીકલ કેમ્પ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી દ્વારા નિશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ, હિતેશ પટેલ (મુકતજીવન સંસ્થા)- શાળા સલામતી (આપત્તિ વ્યવસ્થાપન), ડૉ. ઘનશ્યામ પ્રજાપતિ - નિશુલ્ક આર્યુવેદિક અને હોમિયોપેથિક કેમ્પ, અનિલભાઈ પટેલ-અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ, ડૉ. ઉષાબેન પટેલ ડૉ. જયશ્રીબેન મહેતા- વાનગી હરીફાઈ, સંસ્કાર કાર્યક્રમ - સ્વયંસેવકો દ્વારા અને સુરેશભાઈ (આયુષ ફાઉન્ડેશન) સ્તન કેન્સર અને વ્યસનમુક્તિ જાગૃત્તિ કાર્યક્રમ જેવી વિવિધ પ્રવૃત્તિઓ પંચ પ્રકલ્પને ધ્યાનમાં રાખી કરવામાં આવશે.

## આજથી એલઆઈસીના ગાંધીનગર ડિવિઝનના કર્મચારીઓ બે દિવસની હડતાલમાં જોડાશે

ગાંધીનગર, તા. ૨૭

તા. ૨૮-૨૯માર્ચ, ૨૦૨૨ના રોજ એલઆઈસી ઓફ ઈન્ડિયા ગાંધીનગર ડિવિઝનના વર્ગ-૩ અને ૪ ના કર્મચારીઓ જાહેર ક્ષેત્રો એકમોના ખાનગીકરણ અને સરકારની મજુર વર્ગવિરોધી આર્થિક નીતિઓના વિરોધમાં ૨ દિવસની હડતાલ પર જઈ રહ્યાં છે. એલઆઈસી ઓફ ઈન્ડિયાના કર્મચારીઓનો મુખ્ય વિરોધ એલઆઈસીનો આઈપીઓ નો છે. એલઆઈસીના આઈપીઓમાં ૨૦ ટકા વિદેશી રોકાણ અને જીવન વીમામાં વિદેશી રોકાણની મર્યાદામાં સરકારે જે વધારો કર્યો છે તે દેશની સામાન્ય જનતાના હિતમાં નથી તેથી વિરોધ છે. એલઆઈસી ઓફ ઈન્ડિયા ભારત સરકારની નવરત્નો રૂપી એક સંસ્થા છે. સરકાર પોતાની રાજકીય ખાધને પહોંચી વળવા માટે એલઆઈસીનો આઈપીઓ લાવીને ૫ ટકા હિસ્સો વેચવા જઈ રહી છે. સરકાર લોકો અને પોલીસીધારકોના જોખમે ખાનગી કોર્પોરેટને પ્રોત્સાહન આપવા માટે સરકારી કંપનીનું ખાનગીકરણ કરવાના ભાગરૂપે પ્રયાસ કરી રહી છે. અગાઉ સરકારે સંસદમાં આપેલ ગૌરવપૂર્ણ ખાતરીઓ આપવા છતાંપણ જાહેર ક્ષેત્રોની બેંકો તથા જાહેર ક્ષેત્રોની સામાન્ય વીમા કંપનીનું ખાનગીકરણ કરવા તરફ આગળ વધી રહી છે. એલઆઈસી ઓફ ઈન્ડિયાના કર્મચારીઓ વર્ગ-૩ અને વર્ગ-૪ માં ભરતી માટેની માંગણીઓ કરી રહ્યા છીએ અને વર્ગ-૪ માં જે કરાર આધારિત ભરતી કરવામાં આવે છે અને તેમનું શોષણ કરવામાં આવે છે તેનો વિરોધ કરીએ છીએ અને કાયમી ધોરણે ભરતી થાય તેની માંગણી કરવામાં આવી છે.